સરનામેએ રાઝે યઝદાની

યાને

(ખોદાઈ ભેદોનું મથાળું.)

બયઝદાન કે હરગેઝ નબીનદ બેહેસ્ત



હરાકું ન દારદ રહે જરદોહોસ્ત.

ફીરદોસી.

અર્થ.—ખોદાના કસમ ખાઈને કહુંછું કે જે કોઈ જરથોસ્તી ધર્મ ન ધરાવે તે બેહસ્તનો રસ્તો કદી જોય નહીં.

ફારસી પરથી તરજુમો કરનાર

પાલનજી જીવનજી ભીમજીભાઈ હાટરયા,

ફારસી માસ્તર.

સને ૧૨૫૫ યજદેજરદી—સને ૧૮૮૬ ઇસ્વી.

ફારસી સાથે કી૦ ૨ ના.—છુટક નકલ પાંચ આના.

૨૫૮૯

સરનામેએ રાઝે યઝદાની.

યાને

(ખોદાઈ ભેદોનુ મથાળું)

જેમાં

નવજોતની ક્રીયા, સુહરેહ તથા કુસ્તીના ભેદો અને તે પરથી ઉપજાવેલી ઉત્તમ નસીહતો; અશો જરથોશ્ત સાહેબની લાવેલી ચીજોનો ખુલાસો તથા બંદગીની રીત વગરેની બીના આવેલી છે.

ફારસી પરથી તરજુમો કરનાર

પાલનજી જીવનજી ભીમજીભાઈ હાટરયા,

ફારસી માસ્તર.

મુંબઈ:

ઈંડીયન પ્રીન્ટીંગ પ્રેસમાં છાપીછે.

સને ૧૨૫૫ યજદેજરદી—સને ૧૮૮૬ ઈસ્વી.

માનવંત મેહેરબાન સખી શેઠજી સાહેબ

શેઠ દીનશાજી માંણેકજી પીટીટ

જે. પી.,

શ્રી ઈરાંન દેશના ગરીબ જરથોસ્તીઓની હાલત
સુધારવા નેમવામાં આવેલી મંડલીના સરન-
શીન, પારસી પંચાતના ફંડના ટ્રસ્ટી,
ઈત્યાદી, ઈત્યાદી.

એમને

ધર્મને લગતી કેતાબનો ફેલાવો કરવાની તેમની

દેલસોજીને માટે

આ કેતાબ મોટા માન સાથે

તાબેદાર અને નમનતાઈ ભરેલા ખાકસાર

પાલનજી જીવનજી ભીમજીભાઈ હાટરયાએ

અર્પણ કીધીછે.

બનામે શેદાનશીદ પાક

યાને

પાક ખોદાના નામથી સરૂ કરૂં છું.

દીબાચો.

આ નાહાની કીતાબનો તરજુમો કરનાર ખાકસારે ઈસ્વી સન ૧૮૮૪માં જે "શેહનશાહ હોશંગવાલી જાવીદાને ખેરદ તથા પુરાતમ પારસી પાદશાહઓની નસીહતો" એવે નામની કીતાબ છપાવી બાહાર પાડીછે તેના દીબાચામાં જણાવ્યું છે કેઃ— શ્રી ઈરાંણ દેશમાં રેહનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવાં સારૂ સ્થાપવામાં આવેલી મંડલીની તરફથી તેમાં મૂખ્ય કરી સખી વજુદ માનવંત શેઠ નસરવાનજી માંણેકજી પીટીટ તથા બીજાઓને પૈસે ઈસ્વી સને ૧૮૬૫માં શ્રી તેહરાનમધે માનવંત શેઠ માંણેકજી લીમજીભાઈ હાટરયાના તાબા તલે "દેહશની દબીરસ્તાને માઅદીઅસનાન" નામની બોરદીંગ સ્કુલ સ્થાપવામાં આવી હતી. ત્યાં કેટલીએક બાબદોની કેળવણી હાસેલ કરી પ્રથમ પ્રખ્યાત થનાર મીરજાં બેહરામે રૂસતમે ખસરૂ નસરાબાદી નામનો ઈરાની જરથોસ્તી હતો. તે ગ્રહસ્થે મજકુર નામદાર શેઠ માણેકજી લીમજીભાઈના મહાભારત કેતાબખાના મધેની કેટલીએક ફારસી જુની ધર્મસંબંધી ચોપડીઓ પરથી ઈસ્વી સન ૧૮૭૪ માં "સરનામેએ રાઝે યઝદાની" નામની ફારસી કીતાબ રચી મરહુમ શેઠ મેરવાનજી ફરાંમજી પાંડે, કે જે સાહેબે ઈરાંનીઓના હકમાં ભારી એરબાબી બટલાવ્યા સાથે અગણીત સુદરેહઓ ગરીબ ઈરાંનીઓને વેહેંચી આપવા મોકલાવ્યા હતા તેવણને અર્પણ કીધી હતી. શ્રી તેહરાંનમાં મુસલમાંની લખાણો શિવાય બીજા કોઈ પરકોમના—

ઓના ધર્મ પુસ્તકો છપાઈ નહી શકવાને લીધે તે મજકુર ગ્રહસ્થે એ ચોપડી શ્રી મુંબઈ મોકલાવી છપાવવાનો એરાદો કીધો હતો પણ માયા ભાયગે તે કામેલ શખસ ૨૫ વર્ષની ટુક ઉમરે શ્રી તેહરાનમધે તા૰ ૫ મી અકટોબર સન ૧૮૭૯ને દને મરણ પામયો જે વેલા આ કમતરીન પોતાની બીજી મુસાફરીએ ત્યાં હાજર હતો. તે પછે એ રેસાલો ફારસી અથવા તેનો ગુજરાતી તરજુમો અત્રે શ્રી મુંબઈમધે છપાવી બાહાર પાડવાના હેતુથી શેઠ માણેકજી હાટરીઆએ અત્રે એક બે ગ્રહસ્થો પર એ મજકુર રેસાલાની ખરી નકલો મોકલાવી હતી પણ તે સાહેબો-એ પોતાના બોહોલાં કામોની રોકાણને સબબે તે ઉપર કસું ધ્યાન નહીં આપી શકવાથી મજકુર શેઠેબી તે કામ કોઈ બીજી સારી જોગવાઈ અને તક ઉપર મુલતવી રાખયું હતું.

શ્રી તેહરાનમધેની મજકુર બોરદીંગ સ્કુલ જે આગલ પડી ભાગી હતી તેનું કામ ફરી તારીખ ૨૧ મી નવેમબર ૧૮૮૨ થી સરૂ થવે હાલે શ્રી તેહરાનમધે મજકુર શેઠની દેખરેખ હેઠલ ૧૪–૧૫ છોકરાઓ જે શિખેછે તેઓને શિખવવા*તથા પોતાની આગલી મુરાદ પાર પાડવાના વિચારથી હાલે તે "**સરનામેએ રાઝે યઝદાની**" ની એક સુધ નકલ એ સાહેબે છપાવા મોકલાવી તે અસલ ફારસી નકલ સો તથા ગુજરાતી તરજુમાની નકલ સો આગમજ ખરીદવાનું લખી જણાવ્યાથી તથા એ સાહેબની સુભ ધારણા પાર ઉતરવાના હેતુ મુજબ તે અસલ ફારસી કેતાબ મરહુમ શેઠ મેહરવાનજી ફરામજી પાંડેને અર્પણે છપાવી તથા રંજ ખેંચી બનતાં સુધી ગુજરાતી બાશાને અનુસરતી એબારતે અને દરેક નાહના મોટાઓને સમજ પડતી રીતે તરજુમો કરી માનવંત સરફરાજ શેઠ દીનશાહજી માંણેકજી પીટીટને અર્પણ કરી છપાવી છે.

જરથોસ્તી ધર્મના દરેક મોબેદ તેમજ દસ્તુર સાહેબોને બારે

---

* જુઓ શ્રી ઈરાણદેશના રેહનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવાના ફંડના ઊપજ નીપજનો હેવાલ નંબર ૯ ને પાને ૨૦ મે.

નમનતાઇથી અરજ કરવામાં આવેછે કેઃ—દરેક બેહદીન અથવા ઓબેદોના બાળકોને જે પરસંગે તેઓ નવજોદની ક્રિયા કરી સુદરેહ પેહરાવવા જાય તે મીજલસમાં સુદરેહ પેહરાવી રહ્યા બાદ આ રેસાલામાં તેમાં મુખ્ય કરી ભાગ બીજા અને ત્રીજામાં સમાયલી એકંદર ૨૧ શિખામણો ટુકમાં અથવા જેમ છે તેમજ તે બચ્ચાંના ધ્યાનમાં ઉતરે તેવી રીતે કહી સંભલાવવી; કારણકે બચ્ચાંને એ પ્રસંગે આવી ઉમદા બાબદો બીજી વ્યરથ બાબદો સમજાવ્યા કરતાં વધારે અગત્યનીછે જેથી તે બાળકો એક તરફથી એવું સમજેકે તેઓના આંગપર પેહરણ જેવું કપડું (સુદરેહ) શા કારણને માટે ઓળખવામાં આવેછે તથા ઉનની વણેલી દોરી (કુશ્તી) શું કરવા તેઓને કમરે બાંધે છે. બીજી તરફથી તેઓ ઉમરે પુગી કોઇ પરકોમનાઓની ધર્મી ચોપડી વાંચી એ સુદરેહ કુશ્તી ઉપરથી મન ઉતારો કરે નહીં, અને જ્યારે તેઓ એમ સમજે કે આવા એક દેખઇતાં સુદરેહ કુશ્તીના વસ્તરમા આટલા બધા ઉમદા અને ઉત્તમ ભેદો તથા શિખામણો અને સરખામણીઓ સમાયલીછે તો બીજી ક્રિયા, ભણતર તથા આલાતોમાં કેહવા ઉત્તમ ભેદો અને ફીલસુફીઓ સમાયલી હશે.

અગર જો અત્રે શ્રી મુંબઇ તેમજ દેશાવર ખાતેની કોઇબી જરથોસ્તી સ્કુલમાં તેના મુતવલીઓ, બાળકોને આ ચોપડી શિખવવાની ખાહેશ બતલાવશે તો બાળકોને બેશક જે ઉમદા કપડું તેઓ પેહરેછે તેના ખરા ભેદનો વિચાર તેઓના કુમળાં મગજમાં પેવસ થશે તથા આગલ ચાલતાં તેઓ આપણાં બરહક ધર્મની ખુબીઓ પીછાણનાર બનશે અને વળી એમાં સમાયલી શિખામણો પરથી થોડી ઘણી નેકનીવી મેળવી લોકો સાથે ભલા વર્તણુકથી ચાલવાનું શિખશે.

આ ગુજરાતી રેસાલાની પુથે મજકૂર કાબેલ શખસનો લખેલો અસલ ફારસી રેસાલો સારા દશકતે છપાવી જોડવામાં આવ્યોછે માટે જો અત્રેની તેમજ દેશાવર ખાતેની ફારસી

મદરેસાઓ અને સ્કુલોમાં જ્યાં એ ભાષાનું જ્ઞાન આપવામાં આવેછે ત્યાં આ ફારસી કીતાબ ચલાવવામાં આવેતો મુખ્યેકરી જરથોસ્તી છોકરાઓને તે ભારે ઉપયોગી થઇ પડસે તે એકે પર કોમનાઓ તથા તેમના ધર્મને લગતી બાબદો તેઓના શિખવામાં આવે તેના કરતાં પોતાના મોતેબર ધર્મની જાણવા લાયક બીના શીખવા સાથે સ્વચ્છ ફારસી ભાષાની માહીતગારી મળશે.

શેહનશાહ નુશીરવાન ફરમાવે છે કે:—"અધર્મીઓનો વીશવાસ કરવો નહી કારણકે જે કોઈ ખોદાનો હક પુરો ન પાડે તે બીજાઓનો હક શું જાળવે?" પણ જે વેળા પોતાના પવિત્ર ધર્મી બાબદોકે જેમાં ખોદાનો હક, પોતાનો હક અને પારકાનો હક પુરા પાડવાનું સમાવલુંછે તે અગરજો બચ્ચાંઓને નાહાનપણથી નહી શિખવાં તેની વતી પ્રથમથીજ પર કોમનાની ભાશા શિખવવા મુકેછે તો તે બચ્ચાંઓ આગલ ચાલતાં એ હકો પુરા પાડવાનું અને પોતાના ધર્મપર ખરી લાગણી રાખવાનું કેહવી રીતે શિખે? કદી શિખે નહી અને તેમ ન શિખી ધર્મના ફરમાનો મુજબ ચાલે નહી તો માત્ર સુદરેહ કુસ્તી ધરાવવાથી ખરો જરથોસ્તી ગણાતો નથી તથા ખરી રીતી પ્રમાણે સવર્ગે પોહચતો નથી. હજરત અશો જરથોસ્ત સાહેબ પોતે પોતાના "ગુરેહ બાસ્તાન" નામામાં ફરમાવે છે કે:—ભલો અને બુંડો ખવાસ દરેક માણસોમાંછે, માટે જે કોઈ બુંડો ખવાસ તજી ભલો ખવાસ મેળવવા ચાહેતો તે માહરી જંદ અવસ્તા વાંચે અને તેના ફરમાન પ્રમાણે ચાલે. અગરજો તે ફરમાનો પ્રમાણે ચાલે તોજ તેનો આત્મા જે હદમાંથી અત્રે નીચે આવ્યોછે તેજ હદમાં શરીર તજ્યા પછે પાછો જઇ મળે એટલે સવર્ગે પોહોંચે.

ટુકમાં હાલે જે આપણા જરથોસ્તી સાહેબોના તથા તેઓના બાળકોના એકીન સુસ્ત થતા જવાના સાંધણા જે હાલે જોવામાં આવેછે તેજ રવેસો અગરજો વધુ વરસ ચાલુ રહેતો આગલ ચાલતાં એ ધર્મ તદન નાબુદ થાય એવો [illegible]

રહેછે. માટે જરથોસ્તી ધર્મના દરેક દસ્તુર, દાવર, મોબેદ, કબીલાના આગેવાન અને ઉસતાદોને આ કમતરીન ખાકસારની એલતેમાસ એ છે કે જ્યાં સુધી માથા ભાયગના માથા વિચારે જડ પકડી નથી ત્યાં સુધી તે જડને તેની બુનમાંથી ઉખેડી નાખવાના ચાંપતાં ઉપાયો લેવા અને વારંવાર બનતાં સુધી ધર્મ બોધ પોતે સમજી તેનો ફેલાવો કરવાને સદા કોશેશમાં રહેવું જેથી જરથોસ્તી ધર્મ જેહવો અસલ પોતાની બુલંદી પર હતો તેહવો પાછો આવ્યા વગર રેહશે નહી.

એ અસલ ફારસી રેસાલાનો રચનાર મજકુર મરહુમ ઈરાની મીરજાં બેહરામે લખેલા ફારસી દીબાચો ઘણો લંબાણ હોવાથી અત્રે ગુજરાતીમાં લેવાને દરૂસ્ત ન ધારી અસલ ફારસી કેતાબ જે છપાવી આ સાથે બાહાર પાડવામાં આવીછે તે મધેજ રેહવા દીધોછે.

આ ખાકસારે ગુજરાતી તરજુમા કીધેલી કીતાબની હાથની લખેલી એક નકલ મેહરબાન મુરબી્બીજી દસ્તુરજી સાહેબ દસ્તુર જામાસ્પજી મીનોચેરજી જામાસ્પ આસાના, M. A, PH. D. ને તપાસને માટે આપવામાં આવી હતી. તેવણ સાહેબે એ પર પોતાનો વખત રોકી તા૦ ૪ થી અકટોબર ૧૮૮૫ ને દીને એક ભલું મત લખી આપ્યું હતું જે આ કીતાબમાં દાખલ કરી એ સાહેબનો ઉપકાર માનુછું.

વળી આ કમતરીન ખાકસારના મુરબ્બીજી મેહરબાન શેઠ હોરમસજી મેહરવાનજી નાળયરવાલા જેવણ જેમ હમેશાં આ કમતરીન પર આભાર કરતા આવ્યા છે તેમજ આ નાહની ચોપડી બાહાર પાડવામાં કેટલીએક રીતની મદદ કરેલે આ પ્રસંગે એ મેહરબાન શેઠજીનો ઉપકાર માનુછું.

આશા રાખુછું કે અગરજો કોઈ સાહેબને આ નાહની કીતાબમાં કસી ખોડ ખાપણ નજર આવે તો મેહરબાનીની રાહે હમોને ચેતવવાની તસદી લીએ. જેથી અગર જો બીજી આવૃતી છપાવવી પડેતો તે બીના તે સાહેબના નામ સાથે લેશું.

એ રસાલા બાબે અપાયલાં મત.

શ્રી મુંબઈ, રોજ ૧૭ મો માહા ૧ લો સને ૧૨૫૫.

તા૦ ૪ થી અકટોબર સને ૧૮૮૫.

મેહરબાન બાઈ સાહેબ,

પાલનજી જીવનજી હાટરીઆ જોગ,

તમો સાહેબે "સરનામેએ રાઝે પઝદાની" યાને ખોદાના ભેદોનું મથાલું અથવા પઝદાની ભેદમાં દાખલ થવાની સરૂઆતની ક્રિયા—એવે નામના એક ફારસી રેસાલાની હાથની લખેલી નકલનો તરજુમો અમારી તપાસને માટે મોકળયો હતો તે હમોએ તપાસી વાંચયો છે.

આટલું તો ખરૂં છે, કે એ લખાણમાં સુદરેહ કુસ્તીની બાબત વીશે જેટલી આપણે જાણીએ છીએ તે કરતાં કેટલાક વધારે ભેદો સમાવેલા છે અને વળી તે ભેદોની સાથે કેટલીક નસીહતો લાગુ પાડી છે. તમો જો એ તરજુમો છપાવી બાહાર પાડો તો તેથી આપણા ટોળાની તેની એવી દામાદોલ હાલતના વખતમાં ઘણી સારી સેવા બજાવેલી કેહવાય. એ તરજુમો નીશાલે શિખતા મોટી તથા નાહાની વયના બાલકોને માટે છપાવી બાહાર પાડવામાં આવે તો તે ઘણોજ ઉપયોગી થઈ પડે. આએ ટકે હમો તમોને સુચના કરીએ છે—એકે એ તરજુમાંમાં કેટલાક ખુલાસાની અગત્ય છે તે તમો જરૂર કરી તેની ઉપર ધ્યાન આપશો.

વળી જો એ રેસાલો જેમ અસલ ફારસીમાં છે તેમજ છપાવો અને તે જો આપણી મુલ્લાં ફીરૂજ મદરેસા તથા તેવીજ બીજી અત્રેની તથા દેશાવરોની મકતબો જ્યાં ફારસી ભાશાનો હાલ વધારે અભયાસ કરાવવામાં આવે છે ત્યાં જો મજકુર રેસાલો વર્ગના પાઠ તરીકે ચલાવવામાં આવે તો તેથી

બે રીતના ફાયદા થાય; એક તો એ રેસાલો વાંચવાથી તેઓ પોતાના પવિત્ર મજહબની ખુબી સમજે અને બીજું તો તેઓ સ્વચ્છ ફારસી ભાષા (pure Persian) જાણે; સબબ કે એ રેસાલામાં આરબી ભાશાનો એક પણ લોગત આવેલો નથી. તમો ભાઈ આપણ જરથોસ્તીઓથી સદન-તર નહી જાણીતી ફારસી પુસ્તકોનો તરજુમો કરી છપાવી બાહાર પાડોછો તેથી હમો ઘણાજ ખુશી છીએ. ખોદાતાલા તમો ભાઈને આ કામમાં જસ આપી સફલ કરે એવી હમારી દોઆ છે. એંજ મકસદ.

લા૦ દોઆગો

જામાસ્પજી દસ્તુર મીનોચેહરજી,

M. A., PH. D.

પુના, દસ્તુર હાલ.

રોજ ૨૪ મો માહા ૧ લો સને ૧૨૫૫ યઝદેજરદી.

આય સરટીફીકેટને લગતી "**સરનામે રાએ યઝદાની**" નામના ચોપડી ભાઇ પાલનજી જીવનજી હાટરયાની દર-ખાસ્તથી મેં વાંચી જોઇછે. એનો પેહલો ભાગ હાલમો આપણા લોકોમાં "નોજુદ" થવાનો રેવાજછે તેજ મુજબ લખેલો જ-ણાયછે; બીજા ભાગોમાં સુદરે કુસ્તીના ભેદો તથા બીજી ચીજો ઉપરથી ઉપજતા વિચારો અને તેને અનુસરતી આછી શિ-ખામણો લખીછે જે તપાસી જોતાં મહને ઘણી નેક અને માઆ-ફ્કુલ જણાયછે.

લા૦ હોશંગ જામાસ્પજી દસ્તુર.

પનામે યઝદાન.

ભાગ પેહેલો.

સુદરેહ કુશતી પેહરવાના ફાયદા અને તે પેહરાવવાની રીત.

પ્રથમ માઝદીઅસની ધર્મના ફરમાન મુજબ ક્રિયા કરી સુદરેહ પેહરનારને "નોવઝાદ" કહે છે; કારણ કે તે આગમજ તે સુદરેહ પેહરનાર બાળક નાદાન અને જરથોશતી ધર્મની હસ્તીમાં ન હોય એવું હતું, પણ જ્યારથી તે (ધર્મરીતી જાણવાની) સુધીમા આવી એ ભલાં ધર્મમાં દાખલ થવાનુ પેહેલું પગલું ભરી સુદરેહ કુશતી પહેરેછે ત્યારથી તેને "નોવઝાદ" યાને ધર્મમાં નવો જન્મ લીધેલો કરી કહેછે. જોકે "નોવઝાદ" એટલે નવો જોતી એ બોલ આપણામાં હેરબદ થનાર મોબેદના છોકરાને લાગુ પાડવામાં આવછે, તોપણ મજકુર બોલ ધર્મના ફરમાન મુજબ પ્રથમ સુદરેહ કુશ્તી પેહરનારને વધારે અનુશરતો ગણાયછે.

જ્યારે દરેક બેહેદીનનું બાળક સાત વરસ અને ત્રણ મહીનાની ઊમરનું થાય ત્યારે તેણે નેરંગ કુશ્તી બાંધવાના તથા સરોશ બાજ વગેરેના દરેક ઘટતા અવસ્તા શિખી, સુદરેહ પહેરવો જોઈએ. અગરજો તેટલી વયમાં તે નહી

શિખે (યાને જરથોશ્તી ફરમાન પ્રમાણે સુદરેહ પેહરવાને લાયક નહીં હડે) તો નાચારીએ ચાદ વરસ અને ત્રણ માસની ઊમરે પુગતામાં (ઘટતા અવસ્તા જાણવા સાથે સુદરેહ કુશ્તીના ભેદોને હડે ગાખી) સુદરેહ કુશ્તી પેહરવોજ જોઈએ. કારણ કે જે કોઈ ઊપલી ઊમરની હદ સુધી પુગે અને શરીર પર સુદરેહ કુશ્તી ધરાવતો ન હોય, તે અગરજો ઘણાક સવાબના કામો કરે અથવા ધર્મના ફરમાનો બજાવે, તોપણ તે કામો માઝદીઅસની ધર્મને લાયકનાં ગણાઈ શકતાં નથી અને તે સવાબો તેના રવાંનને પુગી શકતાં નથી.

* જે બેહેદીન, જરથોશ્તી ધર્મને ખરાં એકીનથી કબુલ કરી પોતાના શરીરપર સુદરેહ પેહરે, અને કમરે કુશ્તી બાંધે (તથા તેના ભેદો જાણી તે મુજબ ચાલે) તે આ દુન્યામાં નામીચો બની પેલી દુન્યામાં નેક છુટકારો પામે; અને ગચુમરદથી તે સેહુશાન (એટલે અવલથી આખેર) સુધીનાં નેક કરતુકવાલાં માણસો (ની માફક સવાબકાર બની તેઓ) માં સામેલ થાય.

ફારસી દુઆ.

પાક યઝદાન બહાનરા બનીકી યાવર વ રાહબર બાદ.

અર્થ.—પાક યઝદાન ભલાઓને નેકીમાં મદદગાર અને રસ્તો દેખાડનાર થાય.

---

* જુવો ઈરાનશાહ બીન ઈજદયાર બીન તેશતરયાર બીન આદરબાદે મારેસપંદગી બનાવેલી "શાયસ્ત નાશાયસ્ત" ની કેતાબમાં.

પ્રથમ સુદરેહ પેહેરાવવાની રીત એછેકે :—યોજદાથરેગર મોબેદ તે સુદરેહ પેહેરનારને ધર્મની ઘટતી ક્રીયા મુજબ ‘નાહાન’ નહવડાવી તેનું શરીર પાક કરી, લેંગો અને તોપી પહેરાવી, તેનું અંગ એક સફેદ કપડાંના કટકાથી ઢાંકે, અને તે જગયાએથી સુદરેહ પહેરાવવા માટે ચોકસ ગોથવી રાખેલી પાક સફાઈ ભરેલી જગ્યાએ લાવી, ઊગમણ દીશા તરફ મોંઢું કરાવી, તે સુદરેહ પેહરનાર બાલકને બેસાડે, અને તેની સામે સુદરેહ પેહરાવનાર મોબેદ યા દસ્તુર બેસી બંને સાથે પતેત પઢે. ત્યાર પછે તે બેઊ પોતાની જગ્યાએ ઊભા થાય, અને તે મોબેદ યા દસ્તુર સુદરેહની ફરેચલી વાળી પોતાના બે હાથે (સુદરેહની બે બાંય ધરી, પેહરનારના બંને હાથ પોતાના હાથમાં) લેઈ સાથે એક સાદે પઢે.

બનામે ઈજદ બખશાયંદેહ બખશાયશગર મહેરબાન. શ(ુ)રસતઈઆ ચિસતઈઆ મજદદાતઈઆ અષઓનઈઆ. દએનઈઆ વંઘહુઈઆ માજદયઅસનોઇશ. દીન બેહ રાસ્ત. વ દરૂસ્ત. કે ખોદાઇ બર ખલક ફરેસતાદેહ. ઈન હસ્ત કે જરથુસ્ત આવોરદેહ અસ્ત. દીન દીનેજરથુસ્ત. દીનેઅહુરમજદ. દાદે જરથુસ્ત. ઈઅથા અહુ વેરઈઓ(૧) *પઢતાં તે સુદરેહની બે-

* એ “નોવઝાદ”ની ક્રીયામાં મજકુર રજીરતહ્આઓના કરતાં હજશનેનાં બારમાં હામાં આવેલા જંદ અવસ્તાનો દીનનો કલમો તે બચાં પાસે પઢાવવો વધારે અગત્યનો અને લાયક જણાય છે. તેનો ખુલાસો જુવો એ૦ કા. એ. કાંગાના ખોરદે અવસ્તાને પાને ૨૮૦ મે.

ઊ બોંયમાં તે બચાંનો હાથ લેઈ **શીઈઓથે નનામ** આવે ત્યારે તેના ગલામાં પેહરાવી, **ઈઅથા અંહુ વેરીઓ** પુરો પઢે. પછે તે સુદરેહ પેહરાવનાર તે બાલકની પાછલ ફરી પોતાના જામાની બે બોંયના છેડા તેના હાથમાં આપી, (કુશતીને વચમાંથી બેવડી કરી પોતાના ડાબા હાથના અંગુઠામાં લઈ જમણે હાથે ગુ-લતી પકડી) બેઉ જણ સાથે પઢે.

પનામે ઈઅજદાન અહુરમજદ ખોદાઇ અવ-જુની ગુરજે ખુરહે અવજાઈઆદ. દાદાર અ-હુરમજદ. રઈઉમંદ. ખુરહેમંદ. મીનોઆંનમી-નો. અરેતુમ બેરેસાદ. અજ હમા ગુનાહ પતેત પશેમાંનોમ. અજ હરવસતીન દુશમત. દુજૂ-ખત. દુજવરેશ્ત. મેમ ૫ ગેતી મનીદ. ઉઇમ ગોશ્ત. ઉઇમ કરદ. ઉઇમ જસત. ઉઇમ બુન બુદ ઇસતેદ. અજ આંન ગુનાહ. મનશની. ગવશની. કુનશની. તની રવાંની. ગેતી મીનો-આંની. ઉખે અવાખશ. પશેમાંન ૫ સે ગવશની ૫ પતેત હોમ. ખશનઓથર અહુરહે મજ-દાઉ તરોઇદીતે. અંઘ્રહરહે મઇનીઓઉશ. હઇથીઆ વરેશતાંમ. હીઅદ વસના. ફ્રશો-તેમેમ સતઓમે અશેમ. અશેમ વોહૂ. (૧)

ફ્રસતુઇએ હુમતોઇ બીઅસચા. હૂખતોઇ બીઅસચા. હવરેશતોઇ બીઅસચા. માંથવોઇ બીઅસચા. વખેદવોઇ બીઅસચા. વરશત-વોઇ બીઅસચા. અઇબે ગઇરીઆ દઇથે.

વીસપા હુમતાચા હૂખતાચા હ્વરશતાચા. પઈર્તેરેચીઆ દઈથે વીસપા. દુશમતાચા દુજૂખતાચા દુજવરેશતાચા. ફરા વીરાહી અમેશા સ્પેંતા. ઈઅસનેમચા વહમેમચા. ફરામનંઘહા. ફરા વચંઘહા. ફરા શીઅઓથના. ફરા અંઘહાઉઈઆ. ફરા તનવસચીદ ખખીઆઉ ઉશતનેમ. સતઓમે અશેમ. અશેમ વોહૂ (૩)

ફરવરાને મજદ ઈઅસનો જરથુશતરેશ. વીદએવો અહુરહે દકએશો (ગેહ પઢે) ફરસસતઈઅએચ. અહુરહે મજદાઉ રએવતો ખરેનંઘહતો. ખશનઓથર ઈઅસનાઈચ. વહમાઈચ. ખશનઓથરાઈચ. ફરસસતઈઅએચ. ઈઅથા અહુ વઈરીઓ જઓતા ફરામે મરૂતે. અથારતુશ અશાદ ચીદ હચ ફરા અશવ. વીદવાઉ મરઓતુ.

પેરેસદ જરથુશતરો અહુરેમ મજદામ. અહુરમજદ ખોદાઇ. (નમતું અને કુસ્તી પઓડી પઢતું.) હેરેમનાંન અવાદશાંન. દુર અવાજ દાશતાર. જદ શેકસતેહ બાદ. હેરેમન દેવાંન. દરૂજાન. જાદુઆન. દરવંદાન. કીકાંન. કરપાંન. સાસતારાંન. ગુનેહગારાંન. આશમોગાંન. દરવંદાંન. દુશમના ફરીઆંન. જદ શેકસતેહ બાદ. દુશ પાદશાહાંન અવાદશાંન બાદ. દુશમનાં સતાહ બાદ. દુશમનાં અવાદશાં બાદ. અહુરમજદ ખોદાઇ. (નમતું.) અજ-

હુમા ગોનાહ પતેત પશેમાંનુમ. અજ હરવ-સતીન દુશમત. દુજૂખત. દુજુઅરશત. મેમ પ ગેતી મનીદ. ઉઇમ ગોશ્ત. ઉઇમ કરદ. ઉઇમ જ-સાત. ઉઇમ ખૂન ખુદ ઇસતેદ. અનઆંન ગોનાહ. મનશની. ગવશની. કુનશનો. (એ છેલા તરણ બોલ પઢતાં પઢતાં કુશતીના બેઉ ભાગ સરખા કરી બેઉ હાથમાં જુદતા પકડે) તની રવાંની. ગેતી મી-નોઆંની. ઉખે અવાખશ. પશેમાન પ સે ગવશની. પ પતેત હોમ. ખશનઓથર અ-હુરહે મજદાઉ. (નમવું.). તરોઇદીતે. અંઘરુ-રહે મેઇનીઓઉશ. હઇથીઆ વરશતાંમ. હી-અદ વસના ફરશોતેમેમ. સતઓમે. અશે-મ વોહૂ (૧) પઢતાં કમર ઊપર કુશતીના બે આંટા વીટાળી ઈઅથાઅહુ વેરીઓ (૨) પેહલા ઈઅથા અહુ વેરીઓનીશીઓથનનામ પઢતાં, પેહલે આગલ જમણે હાથે ગાંઠ વાળે અને બીજા ઈઅથા અહુ વેરી-ઓના શીઓથનનામ પઢતાં ડાબે હાથે બીજે ગાંઠ વાળે, પછે કુશતીનો ત્રીજો આંટા કમર ઊપર વીટાળી અશેમ વોહુ (૧) પઢતાં પેહલ જમણે હાથે અને પછે ડાબે હાથે પાછલના બે ગાંઠ વાળે.) જસ મે અવંઘહે મજદ. (નમતાં ૩ વાર પઢે.) મજદઈઅસનો અ-હમી. મજદઈઅસનો જરથુશતરેશ ફરવરાને આસુતુઈએ તસચા. ફરવરે તસચા આસતુ-ઈએ હુમતેમ મનો. આસતુઈએ હુખતેમ વચો.

આસતુઈએ હુવરશતેમ શીઅએઓથનેમ. આસ-તુઇએ દએનામ વંઘુહીમ માજદઈઅસનીમ. ફરસપાઈઅએઓખેદરાંમ. નેદાસનફથેશેમ. ખ-એતુવદથાંમ અશએઓનીમ. યઆ હાઇતેનામચા. ખુશીએઅંતેનામચા. મજેશતાચા. વહેશતાચા. સરેશતાચા. ઈઆ આહુઇરેશ. જરથુશતરેશ અહુરાઇ મજદાઇ. વીસપા વોહુ ચેનહમી. અ-એશા અસતી દએનઈઆઉ માજદઈઅસનોઇશ આસતૂઇતેશ અશેવોહુ (૧) એ પ્રમાણે કુશ્તીના અવસતા પછી કુશ્તી બંધાવ્યા પછી તે મોબેદ પાછો પોતાની જગ્યાએ તે સુદરેહ પેહરનાર તરફ મોહું કરી બેઉ જણાં બેસે અને એક સાદે "હોશબાંમ" પઢે. પછી તે સુદરેહ પેહરાવનાર દસ્તુર અથવા મોબેદ ઊભા થઈને ચોખા સાથે ભેળેલો મેવા ઈત્યાદી તેનાં માથાપર ના-ખતો જઈ તેના હકમાં **તનદરોરસ્તીની** દુઆ તેનું નામ દેઈ પઢે. પછે સુદરેહ પેહરનાર, ત્યાં હાજર થએલા મીજ-લસીઓ સાથે હમાજોર કરે.

ત્યાર બાદ તે સુદરેહ પેહરાવનાર દસ્તુર અથવા મોબેદ તે (સુદરેહ પેહરનાર) બચાં તરફ મોહું કરી તેનું નામ દેઈ કહેકે:—ઓ [ફલાના], આજ દીવસે તમો આ ભલી માઝદીઅસની દીનમાં દાખલ થયા તે તમોને મુબાક હોજો. પાક દાદારના (મોકલેલા) ધર્મના ફરમાન પ્રમાણે (એ ધર્મમાં દાખલ થવે) બેઉ દુન્યાની મોહુટાઈ તથા ખુશી ઓરમી તમો મેળવનાર થયા. જે (ભલા ધર્મ) ની નીશાનીમાં જુડાઈને તોડનાર ફતેહમંદ બખ-તર (ઈયાને સુદરેહ) તથા એહરેમન (બુરાઓ) ને

શેકસ્ત આપનાર કમરબંદ (ઈયાને કુશ્તી) કે જે સ- 'રોશી સરપાવ,' તમારા શરીરની ખુશાલી અને આત્માની નચીંતાઈનુ કારણ છે; તે ખોદાની બખ્શેશથી, [ફલાના]* ની ખાહેશથી તથા [ફલાના] (સુદરેહ પેહરાવનાર) મોબેદ યા દસ્તુરથી તમોએ મેળવ્યોછે તે તમોને મુબારક હોજો. હવે પછે તમો તમારી જીંદગી સુધી શરીર- પર સુદરેહ પેહરવાની અને કમરે કુશ્તી બાંધવાની કદી આળસાઈ કરતા ના, કારણકે એ સુદરેહ કુ- શ્તીમાં ઘણાએક છુપા (ફાયદાકારક) ફરમાનો અને શિખામણ ભરેલા ભેદાછે. કે જેમાંની દરેક, અક્કલને વધારનાર તથા દાનાઈને મદદ કરનારા છે. આગલા જમાનામાં દસ્તુરો અને મોબેદો (તથા દાનાવ જરથો- શ્તીઓ) સિવાય બીજા કોઈ એ (સુદરેહ કુશ્તી) ના ભેદો જાણતું ન હતું, તથા તેઓ સુદરેહ કુશ્તીનો દરેક બાબદ પર છ થી બાર ભેદ ભરેલી મતલબો સમજતા હતા, પણ હાલે તમારી બુદ્ધી અને સમજણમાં ઊતારવાને લાયકનું જે (હાલ મોજુદ) છે, તે તમોને કહી સમજાવામાં આવેછે. એ સિવાએ બાકીના (ધર્મને લગતા ભેદો તથા એ સુદરેહ કુશ્તીમાંથી બીજાં ઊતપન્ન થતાં ફરમાનો અને કામો) જ્યારે તમો પોતે પોતાની અક્કલ અને વિદ્યાના બળથી સમજવાને શકતીવાન થાઓ, ત્યારે તે ફરમાન મુજબ ભલી મનશની, ગવશની અને કુનશનીએ ચાલજો, તેમજ વળી (ધર્મ શિખવનાર) દસ્તુરોથી જાણી તે મુજબ તમારી જીંદગી ગુજારજો, જેથી બંને દુન્યામાં તમો ખોદાથી મોહટાઈ અને નેકી મેળવો.

---

* તે બાલકને સુદરેહ પેહરાવનાર વાલીનું નામ લેવું.

પારસી દુઆ.

આપુરીનંદેએ આમોરઝંદે મર આદાને બહીરા બા પુર્રેહી વ પૈરવાનેશારા બા પુર્રેઆી અંદર પનાહે ખીશ તાબંદે વ પાયંદે દારદ.

અર્થ.—માફી બખ્શનાર, પેદાનો કરનાર, આ ભલા ધર્મને દબદબા સાથે તથા એ ધર્મ પાલનારા (જરથોસ્તી) ઓને ખુશી ભરેલા ચેહરા સાથે પોતાની પનાહમાં ચલકાત ભરેલા અને બરકરાર રાખે.*

---

* એ પછે તે સુદરેહ પેહરાવનાર અથવા વાએજ કરનાર મોબેદ ઈયા દસ્તુરને ઘટેછે કે આ કીતાબમાં આવેલી સુદરેહ અને કુશ્તીને લગતી બીજા અને ત્રીજા ભાગ વાલી ઊત્તમ શિખામણોને એમાં લખ્યા મુજબ અથવા તેમાંથી ઘટે તેમ સમજાવવી.

ભાગ બીજો.

સુદરેહના નવ કટકાના નવ (ભેદને લગતી નવ) શિખામણ બાબે.

પેહેલી શિખામણ.

સુદરેહ* પેહરતી વેલા દરેક માણસની નજર પ્રથમ "કીસેએ કેરફે" (સવાબની કોથલી) કે જેને 'ગીરેહબાન' પણ કેહેછે, તેપર પડેછે. એની મતલબ (અથવા તે વિષે જાણવું) એકેઃ—જેમ એ કોથલી યાને 'ગીરેહબાન' જોકે નાહના કટકાથી બનેલું છે તોપણ સૌથી ઉંચી જગ્યાએ અને છાતી ઉપર મુકવામાં આવ્યું છે; તેમજ માણસ જોકે બીજાં મોહટાં જાનવરો કરતાં નાહાનું શરીર ધરાવે છે, તોપણ તેને પરવરદેગારે પોતાની સઘલી પેદાયશો અને જાણવરોપર સરસાઈ આપીછે, તથા વિચારો ભરેલું દેલ તેઓની છાતીમાં મુકયું છે, માટે

* સુદરેહ—એને જંદ ભાષામાં "વસતર," પેહલવીમાં "વાસ્તેસ્તીક" ફારસીમાં "સુદરેહ," અને પાજંદ તથા દરી ભાષામાં 'શીવ કુસ્તી' યાને કુસ્તીના નીચેનું પેહરણ કહેછે. સુદરેહ એટલે ફાયદા ભરેલી તથા સુધરેલી રાહ; જશનને લગતો માર્ગ, ખુશીનો મરતબો અને મોહટાઈની રસમ પણ થાયછે. એ ઉપરથી ફાયદા ભરેલી તથા સારો માર્ગ દેખાડનારી દીનને લગતું કપડું, કે જેનાં દરેક કટકાને લગતા ભેદોમાં સમાવેલી શિખામણ પ્રમાણે ચાલનારાઓને ઉત્તમ ફાયદાઓ હાંસલ થાયછે. સુદરેહ સફેદ કપડાંનોજ હોવો જોઈએ, કારણકે સફેદ પોશાક એ અશોઇ, પવિત્રાઈ, તનદરોસ્તી અને સફાઈ જાળવનારી નીશાની

ભલી માઝદીઅસની દીન ધરાવનારાઓને ઘટેછે કે, પોતાના આગલા ગુનાહોનો પસતાવો કરી પતેતની મદદે તેમાંથી મોકળા થઈ યઝદાનની પનાહ ચાહે; અને હમેશાં સૌથી સરસ ચાલચલણ કે જે સચ્ચાઈ અને ભલાં કરતુકોની છે. તેનો માર્ગ અખત્યાર કરે. વળી દર પળે તે રાસ્તી શિવાય બાંજું કંઈ બોલે નહીં, સીધા માર્ગથી ઊલટું દગલું ભરે નહીં, પોતાની વિચ્યારશકિતમાં ખરાંપણાંનેજ રસ્તો આપે, જૂઠાઈ, જે હલકી તથા વગર નીભનારી છે, તેનાથી દુરી પકડે; પોતાની નેક મનશ્ની, ગવશની અને કુનશ્નીને દાદગર દાવરને ખુશી કરવાનોજ સીણગાર આપે; કારણ કે આપણ જરથોસ્તીઓના ભલા ધર્મની પેહલી નીશાની દાખલ આ ઊપલી કીમતી

છે. તેટલા માટે માઝદીઅસની દીન ધરાવનારને પણ સફેદ પોશાક પેહરવાનું તેના અતીઅંત ફાયદા અને ખુબીને લીધે આપણા પવિત્ર ધર્મમાં એ ફરમાન જાએજછે.

સુદરેહ નવ કટકાનોજ બનાવવો જોઈએ તે એટલા માટે કે નવનો આંક આપણા ધર્મમાં બુઝોર્ગી ભરેલો ગણવામાં આવ્યોછે. એ પવિત્ર ધર્મના ક્રિયાઓમાં વપડાતા આલાતો ઈત્યાદી, ઘણીએક ચીજો નવના આંક સાથે સરખાવવામાં આવીછે. અને એ રીતે નવ કટકાથી બનાવેલો સુદરેહ પણ નવનાં આંક વાળી ચીજોમાંની એક તરીકે ગણવામાં આવ્યોછે, તથા બીજી ચીજોનાં વાના તરીકે તે આપણા શરીર ઉપર રાખીએ છીએ. દાખલા તરીકે આસમાન નવ છે. આ દુન્યા, તેના સબંધનુ તન અને તનની અંદર રેહનારી શકતીઓ પણ નવ ગણાયછે. ગેતીખરીદની ક્રિયા નવ દાહડા કરવામાં આવેછે. બરશનુમગાહની જગો નવ હાથ યા નવ વાંમ લાંબી અને તેટલી પોહલી બનાવવાની જણાવવામાં આવેછે.

શિખામણ છે; માટે જેમ એ માઝદીયસની ધર્મને લગતા પોશાક પર જો ગોરેહબાન ન હોયતો સુદરેહ ગણાય નહીં, તેમજ જે કોઈએ ભલી આદત (રાસ્તી) નહીં ધરાવે-તો જરથોસ્તી ધર્મથી અને પેલી દુન્યાની નચીંતાઈથી નાઊમેદ થઈ, બેઊ દુન્યાનાં દુઃખ અને સંકટમાં ગોરફતાર બને.

બૈત. { દરીનૂ કીશે પાકીઝે અરજુમંદ
પસંદીતર નબ્વદ અઝ ઈન દો પંદ.

અર્થ—આ નામીચા પવિત્ર જરથોસ્તી ધર્મમાં (નીચલી) બે શિખામણો કરતાં બીજી વધારે પસંદ પડતી (શિખામણ) નથી.

બૈત. { બ અંદીશે જોઝ રાસ્ત નઆરાસ્તન
ઝબાનરા બા દેલરા યકી દાસ્તન.

અર્થ.—સચ્ચાઈ શિવાય વિચારમાં બીજું કાંઈ લાવવું નહીં (તથા) જુબાનને અને દીલને એક રાખવું, (દયાને જેવું નેક વમાસવું તેવુંજ નેક બોલવું.)

પારસી દોઆ.

યઝદાન હમેશા રાહે રાસ્તી નમાયદ
વ અઝ કાસ્તી બે રહાનદ.

અર્થ.—યઝદાન સર્વેને રાસ્તીનો માર્ગ દેખાડે અને જૂઠાઈથી છુટકારો આપે.

તેમજ બરશનુમ પણ નવ રાતનુંજ લીધામાં આવેછે. રીમન નહવાડતી વેળા જે કશ કહાડવામાં આવેછે તેપણ નવ માલમ પડેછે. દરૂન બનાવતી વેળા તેની ઊપર નવ જીણા કાપા પાડવામાં આવેછે. બરશનુમ આપવાની નવગરે નવ ગાંઠની હોયછે. ઈજશને મધ્યે હોમ ગાલવાના સુરાખદાર તશતાને નવ સુરાખ હોયછે. ઈ૦ જુવો વધુ ખીના તા૦ ૨૧ મી ડીસેંબર ૧૮૮૪ નાં 'કયસરે હિન્દ'માં.

બીજી શિખામણ.

સુદરેહનો આગલો પરદો. એના ભેદની મટલબ એકે:—જે મીસાલે સુદરેહનો એ ભાગ આપણાં શરીરની આગળ અને આપણ તેની પાછળ છીએ, તે મીસાલે ઘણાએકો આગળ એટલે આપણાથી વડા અને આપણ તેઓથી પાછળ એટલે ઊતરતા છીએ; તો તેવા વડાઓનું ફરમાન માનવું અને તેઓમાંના દરેકના મોભા તથા મરતબા પ્રમાણે હોકમ સાંભળવો નેક અને લાયકછે, કારણકે મોહટાઓને મોહટાઈ તથા આબરૂ આપવાથી અને નાહનાનો દરજ્જો સાચવવાથી ખુશાલી ઊત્પન્ન થાયછે તેવાઓ નીચે પ્રમાણે છે:—

૧ લું.—સ્તુતીને લાયકનાં પાક યઝદાંને મેહેરબાંન કે જે સાહેબ જીવ બખ્શનાર અન રોજી આપનાર છે; આરાધનાને યોગ્યના અમશાસપંદો કે જેઓ માણસોને મદદ કરનારા છે; તથા વખાણ કરવાને લાયકના વડા પેગમબરો કે જેઓ બેઊ દુન્યાનો ભલો રસ્તો દેખાડનારા થઈ ગયા છે.

૨ જું.—મા બાપને તાબે થવું, કારણકે તેઓ આપણને જન્મ બખ્શવાનું અને ઊધારવાનું મૂળછે; એલમ અને ડહાપણ શિખવનારા ઊસ્તાદો, કે જેઓની મેહેરબાનીથી આપણે અજ્ઞાનપણાના સંકડાસવાલા અંધકારમાંથી બાહાર નીકળી દાનાઈનો બુલંદીમાં આવીએ છીએ.

૩ જું.—ધર્મગુરૂઓ તથા દીનના વડાઓ. (કે જેઓ ધર્મનો રસ્તો બતાવેછે); ભલાં પાડોશીઓ અને નજદીકનાં સગાં વાહલાંઓ.

૪ થું.—ચાલુ જમાનાના શેહનશાહો અને પાદશાહો જઓ આલમ અને દુન્યાનાં લોકોની નચીંતાઈનું મુળછે; રાજ્યના પ્રધાનો તથા વડાઓ જેઓ દેશના ઘરનાં સ્થંભની જગ્યાએ અને રૈયતોને પનાહ આપનાર હોયછે; તથા દરેક મુલક અને શેહરના નેક હાકેમો.

૫ મું.—ધર્મ પાળનારા મોહટા માણસો તથા પોતાના જમાનાના દેશ અને દેશીઓનું ભલું ઈચ્છનારા.

૬ ઠું.—હુનરમંદો, વીદ્વાનો, સખીઓ, તવંગરો, પરેહજગારો, આબરૂવાળાઓ, ભલાં કરતુક કરનારાઓ; દરેક દેશના જમીનદારો, ખેડુતો તથા દરેક કુટંમ્બના વડાઓ અને તે ઉપરાંત જે કોઈ આપણાં કરતાં મરતબા, બુધ્ધી અને વરસમાં વધારે તથા સરસાઈ ભોગવનારા હોય તે (સઘલા) ઓને નમનતાઈથી તાબે થઈ તેઓનો હુકમ માનવો. સઘળાઓ સાથે કસી રીતે જુદાઈ કરવી નહીં, જેથી પાક યઝદાન આપણ પર ખુશી રહે.

બૈત. { **એ ઓપુતાદગી બર બોલંદી રસી**
{ **એ ખારી અબર અરજુમંદી રસી.**

અર્થ—નમનતાઈ કરવાથી તું ઊંચે મરતબે પોહચે. (અને) પોતાને કમીનો ગણવાથી સરસાઈએ પુગે.

દોઆ.

યઝદાને મેહરબાન હમેશા બ મેહર વ પુર્રે ખીશ બપુર્રેહી અંદર રસાનદ.

અર્થ.—મેહરબાન ખોદા સઘલાઓને પોતાની મોહટાઈ અને દયાથી દબદબાએ પુગાડે.

ત્રીજી શિખામણ.

સુદરેહનો પાછલો પરદો. એ પરથી સમજવું એકે (જે મીસાલે એ પાછલો ભાગ આપણી પીઠ પછવાડે અને આપણે આગલ છીએ, તેજ મીસાલે ઘણાક લોકો આપણી પાછળ એટલે ઊતરતાં અને આપણે કેટલેએક દરજજે આગલ એટલે ચઢતાં અથવા સારી હાલતમાં છીએ, માટે તેહવા) આપણાં હાથ તલેના તથા તાબેના-ઓને બખ્શેશ અને સખાવત કરવી; તેઓની ગરીબાઈ નાચારી અને દુઃખી હાલતમાં તેઓની સંભાળ અને રખેવાળ કરવી અત્યંત ઘટતી અને લાયક છે. (તેવા હાથતલેનાઓ નીચે પ્રમાણે જણાવવામાં આવ્યા છે.)

૧.—ઓરત, ફરજંદ, નાહના ભાઈ અને બેહનો.

૨.--નજદીકના તેમજ દુરનાં આપણા કરતાં ઊતરતી હાલતના સગાંઓ અને પાડ પાડોશીઓ.

૩.--આપણા હાથ તલેના તથા ફરમાન બજાવનારા-ઓ, જેવાકે ચાકર નફરો વગરે.

૪.—દેશની લાચાર રૈયતો, ગરીબ ધંધાદારીઓ, બે રોજગાર જાતભાઈઓ અને દરવેશો.

૫.—સાથે બેસનારા તથા વહીવટ ચલાવનારા આપ-ણાં કરતાં નાહના દોસ્તદારો.

૬.—પોતાના દેશ તથા મિત્રોથી વેગલા પડેલા પરદે-શીઓ, કંગાલીયતમાં આવી પડેલા ફકીરો, ગુજરાનને માટે અંદેશો કરનારા ગરીબો, દરેક દેશના માલમતા વગરના માણસો, બુઢાઓ અને ઝઈફા તથા જેબી કોઈ કે નાચારી હાલતમાં આવી પડયા હોય, તેવા સઘલાઓ

ઊપર મેહરબાની કરવી, તેઓને ઈજા દેવાથી વેગળા થવું અને પોતાની શક્તિ પ્રમાણે તેઓને દરેક રીતે મદદ કરવી ઘટતી છે*; કેમકે તેમ કરવે ખોદા તેનાથી રાજી થાય અને આ દુન્યામાં નેકનામી મેળવ્યા સાથે પેલી જહાંનમાં રસ્તગારી પામે. આ કિમતી શિખામણો દરેક જણે તેમાં મૂખ્ય કરી તવંગરો અને માલમતા ધરાવનારાઓએ આ ફરજોને એક કરજ દાખલ જાણી તે અદા કરવાની કોશેશ કરવી જોઈએ.

બૈત. { કહાનરા બહર રાહે યારી નેકુસ્ત
{ બયારીએશાન બોર્દ બારી નેકુસ્ત.

અર્થ.—હાથતલેનાઓને દરેક રીતે મદદ કરવી ભલી છે (તથા) તેઓને મદદ કરતી વેલા નર્માશ વાપડવી નેકછે.

બૈત. { પુરૂમાંદગાંનરા મકોન નાઓમીદ
{ ચોમેહર અસ્ત ઓમીદેત એ શૈદાનેશીદ.

અર્થ.—અગરજો નુરેના નુર (પરવરદેગાર) થી દયા મેળવવાની ઊમેદ રાખતો હોયતો લાચારોને ના ઊમેદ ના કર.

દોઆ.

ખોદાવંદે બીમાનંદ વ અમબાઝ હમેશા અઝ રંજે નયાઝ બાઝ દારદ વ ઓમીદે હમેશા ખુદ બરઆવરદે કારે કસરા બ આપુરીદગાન નગોમારદ.

અર્થ.—વગર મીસાલનો અને વગર સાથીનો ખોદા સબ્રલાઓને માગણીના દુઃખમાંથી છોડવે; અને સબ્રલાઓની ભલી ઊમેદ (તે સાહેબ) પોતે બર લાવી કોઇનું કામ લોકોને સવાલ કરે નહી.

---

* એ ફરમાનને લગતું જુવો એ૦ કા. એ. કાંગાવાળો વંદીદાદ, પરગદ ચોથીના ફકરા ૪૪,૪૫ માં મધે.

ચોથી શિખામણ.

સુદરેહની જમના હાથની બાંય. એની મતલબ એકેઃ—(જે મીસાલે સુદરેહ પેહરનાર શખશને તે બાંયમાં પોતાનો જમનો હાથ લેવાની જરૂર છે તેમજ આ ભલી દીનના દરેક માણસોને કંઈબી ધંધા, હુનરમાં પોતાનો હાથ રોકવાની જરૂર હોય છે તો) જો કોઈ શખશ નેક મકાનમાં તથા તવંગર, પરહેજગાર અને દાનાઓને ત્યાં લાડ તથા સગવડમાં પળાએલો હોય, અથવા વારસામાં (પુરતી) દોલત મેળવી હોય તોપણ તેને ઘટેછે કે પોતાની અકલ હુશીયારીથી કંઈબી કાંમ તથા ઊદ્યોગ ધરી મેહનત કરે; અને તેની મદદથી હલાલ રોજી મેળવવાની તથા પોતાનુ ભલું નામ કાઢવાની કોશેશ કરે. કશી રીતની આલસાઈ તથા ગફલત કરે નહીં.

સુદરેહની જમની બાંયની ટુંકાઈ ઊપરથી સમજવું એકેઃ—(જેમ એ બાંય ટુંકીછે તેમજ) આ દુન્યાની માલમતા મેળવવા સારૂં પોતાનાં અંદાજાથી વધુ કોશેશ કરવી નહીં. કારણકે તેમ (વધુ કોશેશ અથવા લોભ) કરવાથી પોતાનાં શરીર અને આત્માને બેઊ દુન્યામાં નુકશાન પુગાડનાર થાયછે. પાક પરવરદેગારે દરેકને માટે જે કંઈ ઘટતું અને લાયક હોય તે તઓના અંદાજા પ્રમાણે વાજબી ધારીને રોજી વગેરે સરજાવેલું હોયછે, એ ઊપરથી જ્યારે સીધ્ધ થાય છે કે તે દયાળુ દાદગર જે પેદાનો કરનાર અને રોજીનો પુગાડનાર છે તે દરેકને તેઓના ઘટતાં પ્રમાણ મુજબ રજક ઈત્યાદી પુગાડેછે ત્યારે દરેક મનૂષ્યને ઘટેછે કે તે સાહેબનાં આપેલાં પર

સંતોષ ધરી બીજાઓ પાસે કંઈ માલમતા હોય તે (જબ-રાથી મેળવવા) નો લોભ પોતાનાં અંતઃકરણથી તજવો; જેથી દલગીરી અને દુઃખ વધે નહીં. દાનાઓ જે ચીજ હાથમાં આવી ન શકે તેની ઈચ્છા કરતા નથી.

બૈત. { બરૂન કોન એ દેલ આઝો કાનો હવા
{ બદાદે ખોદાવંદ શાદી રવા.

અર્થ.—દીલમાંથી લોભ, કીનો અને લાલચ તજી ખોદાના આપેલાં પર ખુશી થવું લાયક છે.

બૈત. { એ અંદાઝેઅ ખીશ બાશી મજુય
{ કે નાયદ તોરા શર્મસારી બરૂય.

અર્થ.—પોતાના અંદાજથી વધુ ના ચાહ. જેથી તારા ચેહે-રાપર શરમીંદગી પુગે નહી.

દોઆ.

શૈદાનેશીદ દરૂનહારા બ પુરૂગે સેપાસ રોશન પુરમાયદ વ અઝ તારી વ આલાયશે આઝ વ અનવખ્ત બેઝદાયદ.

અર્થ.—ખોદા દરેકના અંતઃકરણને શુકરાનાના નુરથી રોશન કરે. અને લોભ લાલચના અંધારાં તથા મેલાંણુથી સાફ રાખે.

પાંચમી શિખામણ.

સુદરેહની દાભી બાંયપરથી સમજવાનું એ છે કેઃ—(આગલ કહ્યા મુજબ જેમ જમનો હાથ બાંયમાં ભેરવ્યે છીએ તેમ દાભો હાથબી એ સુદરેહની દાભી બાંયમાં લેવો પડે છે; અને જેમ દુન્યામાં ધંધો રોજગાર કરયા વગર ચાલતું નથી, તેમ ગુજરાન ચલાવવાનો રીતભાત

જાણવામાં રોકાયા વગરબી જીંદગી ગુજારી શકાતી નથી. તેથી) દરેક હુશીયાર માણસે પોતાની શકિત, મરતબા અને દબદબા પ્રમાણે તથા વખતને અનુસરતી રીતે ગુજરાંણ કરવું, અને ઈનસાફી તથા મધ્યમપણે ચાલનાર થવું જોઈએ. ખોદાની આપેલી ન્યામતો પર નાસીપાસી કરવી નહીં, કારણકે તે (નાસીપાસી) નસીબ, મોહટાઈ અને આવકને ઊંધી વાલવાનો તથા કંગાલીયતમાં આવી પડવાનો સબબ છે. શુકરાના કરવાથી કદી દૂર રેહવું નહીં. દુન્યાની દોલત આપણી પાસે ગમે એટલી વધે તોબી હદથી વધારે ખરચ કરવો નહીં, તેમજ કંજુસાઈ અને હલકાઈબી કરવી નહીં, કારણકે અગરજો દરેક કામમાં મધ્યમપણુ નહીં સાચવી, હદથી વધુ અથવા ઓછો ખરચ કરે તો તે ઊડાઊ, વધુ ખરચનાર, તથા કંજુસ અને નાદાનનું બુરૂં નામ મેળવે, અને એ બે બુરી આદત ધરાવનારને ઠપકા શિવાય બીજું કંઈ હાંસલ થાય નહીં* તેથી દરેક માણસને ઘટેછે કે પોતાના અંદાજા સર ગુજરાન ચલાવે અને પોતાની પુંજી પ્રમાણે બખશેશ કરે અને ગરીબોને તેઓની ગરીબાઈમાં મદદ કરે. જે કોઈ સખાવત કરી ભલાંઓની પુઠ પકડી ચાલે તે બુરાઈ અને જુઠાઈથી વેગળો થાય.

---

* વળી મધ્યમપણે ચાલવા સાથે ચીનવદ પુલને સરખાવવામાં આવ્યો છે, કેમકે જે માણસ દુન્યામાં મધ્યમપણે ચાલેછે તે તે ઊપરથી સીધે રસ્તે જઈ શકેછે યાને બેહશતમાં દાખલ થાય છે અને એથી ઊલટુ જે કોઈ ચાલેછે ને તે ઊપરથી આડું જઈ બેહસ્ત મેળવી શકતુ નથી.

સુદરેહની દાભી બાંયની ટુંકાઈ પરથી એવી સમજણ લેવી કેઃ—દુન્યામાં દરેક જીંદગી ભોગવનારને અંતે તત્વવાળું શરીર છોડયા વગર એલાજ નથી તો જો કોઈ શખસ આ દુન્યામાં હજારો ઘર ધરાવતો હોય તોપણ આ નીચલી દુન્યામાંથી જતી વેળા તેમાંથી એક જવ ભારબી પોતાની સાથે લેઈ જઈ શકનાર નથી, તથા મરણ પછે તેની બાકી રહેલી દુન્યાની દોલત, સોનું, ઘરેણું વગેરે બીજી સઘલી માલમતા (આપણાં હકમાં તે ટુકી બાંયની માફક ફુતાહ થઈ) અંતે તેનો નાશ બની આપણને તેનાથી કશો ફાયદો તથા છુટકારો મળનાર નથી. પણ અગરજો આપણે પોતાની જીંદગી અને શકતીના વેળા ગરીબોને મદદ કરી, તેઓની દાદ લેઈ સવાબની પુંજી મેળવશું તો (તેજ આપણા કામમાં આવશે) અને તેથી સખાવતને ચાહનાર એકલા એકજ પરવરદેગારને રાજી રાખવાનું કારણ થશે.*

બૈત. ગરતો અંદુઓ હો સદ હમયાને અર
સુદ નબન્દ મર તારા એક બીખબર.

અર્થ.—ઓ બેખબર (નાદાન) અગરજો સોનાના બસો કોઠલા તું એકઠા કરશેતો તેનો નફો (પેલી દુન્યામાં તને કશો મળનાર નથી.

બૈત. લૈક ગર કેરપે કોની દર હાનસરા
મોઅદો બેકરે યાબી અદર આનસરા.

અર્થ.—(પણ) અગરજો આ દુન્યામાં સવાબના કામો કરશેતો તેના બદલો તે દુન્યામા પામશે.

---

* એને લગતા ફકરા વીશે જુવો એ૦ કા. એ. કાંગાંના વંદીદાદની પરગદ ૧૯ મી ના ફકરા ૨૯ થી ૩૨ સુધી.

દોઆ.

દાદારે અવખશીદાર હમેશા બનીકી
વ દાદ યાવર વ રાહબર બાદ.

અર્થ.—સર્વેને સંભાલનાર પરવરદેગાર સઘલાને ઇનસાફ અને નેકીમાં મદદગાર તથા રસ્તો બતલાવનાર થાય.

છઠ્ઠી શિખામણ.*

સુદરેહની જમની બાજુએ (નીચે સાંધા સાથે જે નાહના ત્રીકોણ આકારના બે કતકા જોડવા બે તીરીઓ ભરી લેવી જોઈએ તેમાની) એક તીરી (અથવા કતકા) પરથી સમજણ એ છે કે:—પાક પરવરદેગારે દુન્યાનો કારોબાર ભલી રીત મુજબ ચલાવવા સારૂં તથા માણસોને તેઓની જીંદગી નચીંતાઈથી (અને હદમાં) ગુજારવા સારૂં કેટલીએક ચીજો બક્ષી છે જેમાંના એક નીરદોશ (ઈજા નહી દેનારા) ચોપગાં જાનવરો પેદા કીધાં છે. જેવાં કે દુધ અને ઉનને સારૂ ગાય તથા ગોસપદા વગેરે; અને સવારી કરવા તથા બોજો લાધવા સારૂ ઘોડા ખચર વગેરે ભારબરદારી જાનવરો સરજાવ્યાં છે; તો એવાં જાનવરોમાંનાં જે કોઈ આપણા કબજામાં

---

* એ છઠા તે નવ શિખામણ સુધીની બાબતમાં જાણવું કે જેમ એ સુદરેહનાં નવ કટકા પુરા કરવાને માટે જમની તથા ડાબી બાજુના સાંધા સાથે ૪ કટકા સાંધવા સારૂં ચાર તીરીઓ ભરી લેવામાં આવેછે તેમ પરવરદેગારે મનુષ્યની જીંદગીને સવલતાને માટે કેટલાક ચીજોના સાધણો આપ્યાંછે જેથી તેઓ સારી હાલતે સગવડમાં જીંદગી ગુજારી તે ખાલેકની ભકતી કરે.

હોય તેઓ પાસે તેઓની શક્તિ કરતાં વધારે કામ કરાવી રંજીદા કરવાં નહીં, વખત સર દાણા, પાણી આપવું. તેઓની જગ્યા પવિત્ર રાખવી, સારી માવજત કરવી, ઠંડી ગરમી તથા ચોર અને ફાડી ખાનાર જાણવરોની ચુંગાલમાંથી તેઓને સંભાલીરાખવાં; કારણકે તેઓને પોતાનું દુઃખ જાહેર કરવાનો વાચા નથી કે તેઓ આપણને કહી સંભળાવે. પણ તેઓની ધારણા (તથા તેઓ પર પડતું દુઃખ) ભેદના જાણનાર સાહેબ (ખોદા) આગલ કસું છુપું નથી તેથી એવું નહીં કરવું કે આપણા મરણ પછે ખોદાની દરગાહમાં તથા ચોપગાં જાનવરોના પાસબાન બહમન અમશાસસ્પંદ આગલ શરમીંદુ થવું પડે. વળી જાણીતું છે કે જે કોઈ ઊપર કહેલા નીરદોશ પ્રાણીઓની ભલી રીતે જતન કરે અને દરેક આફત તથા દુઃખમાંથી જાલવી રાખેતો, ખોદાવંદતાલા પોતે તેના બદલામાં તે શખસના કામ ધંધામાં વધારો કરી દરેક સંકટની વેળા તેને મદદ તથા કઊવત બક્ષે.

બેત. ⎧ ચે આઓર્દે ગરદદ એ તો જાનવર
⎩ શવદ રંજે દાદરે પીરૂજગર.

અર્થ.—જો તાહરેથી કોઈબી જાનવર દુઃખી થાયતો દાદગર દાદાર તાહરેથી દલગીર બનેછે.

બેત. ⎧ હમેશ ગે તો હુશો દરયાબ હસ્ત
⎩ ખોરો પુશોરો જોમ્બશો ખાબ હસ્ત.

અર્થ.—(તેઓ) સઘલાં (જાનવરો)ને તાહારી માફક સમજણ શક્તી, ભુખ, ઢાંકણુ, હીલચાલ અને ઊંઘ હોય છે.

બેત. ⎧ હમી બેહરે સુદે તો શાન આફરીદ
⎩ અ હરયક અઆન સુદી આમદ પદીદ.

અર્થ.—(ખોદાએ) તાહરા ફાયદાને માટે તેઓને પેદા કીધાં જેઓમાંના દરેકથી (દુધ, ઊન વગેરેના) ફાયદાઓ ઊતપન્ન થયા.

બૈત. { કે બે પસંદદ હાન એશ્ત કેરદારરા
{ કે બદ પીશ આરી નેકુ કારરા.

અર્થ.—એવું નાલાયક કામ કોણ પસંદ કરે કે ભલા કર્તુક-નાઓ (ફાયદો પુગાડનારા જાનવરો) ઊપર ભુંડાઇ પુગાડે.

દોઆ.

જહાં દાવરે દાદગર હમેગાનરા બયારીએ દાદ
વ નેકુ કારી બ શાદી વ રસ્તગારી અંદર રસાનદ.

અર્થ.—જહાનનો દાદગર દાદાર સર્વેને ઇન્સાફ અને ભલાં કામની મદદથી ખુશાલી અને છુટકારો બક્ષે.

સાતમી શિખામણ.

સુદરેહની જમની બાજુએ (નીચે સાંધા સાથે જોડવાનો નહાનો ત્રીકોણ આકારનો કતકો અથવા) બીજી તીરીમાં એવી મતલબ સમાવેલી છેકે :—(ઊપર કહ્યા મુજબ જેમ ઝંદબાર એટલે નીરદોશ જાનવરો આપણા ફાયદા તથા મદદસારૂ સરજાવ્યાંછે તેમ) કેટલાંએક તુંદબાર એટલે ઘાટકી ઈજા દેનારા જાનવરોબી (ખોદાએ) સરજાવ્યાંછે. જેમાના કેટલાંએક આપણ મનૂષ્યના કામમાં આવેછે. જેવાંકે કુતરાં, મુરગ ઈ૦ જાનવરોમાના એકુબી અગરજો કોઈ પાલેતો તેને ઘટેછે કે તેઓને ખોરાક, પાણી આપવું તથા દુઃખ દેવું નહીં, કારણ કે જ્યારે તેઓ પળાયછે ત્યારે આપણને તેઓ નુકશાન કરવાથી તથા જાનદારોને ઈજા દેવાથી અટકે છે; તેથી તેવાંઓની સંભાલ કર્યાથી આસમાન અને જમીનને પેદાનો કરનાર આપણાંથી ખુશ થાયછે. પણ ફાડી ખાનારા મુજી

તથા નુકશાનકારક જાનવરો જેહવાં કે—વરૂ, વાઘ, સિંહ ચીતો, સાઊદી, નાંગ, સાંફ, વગેરે, જે જે માણસને ઈજા પુગાડે તે ઈજા પુગાડવા આગમચ તેઓને મારી નાખવાં જોઈએ. જેથી તેઓના દુઃખમાંથી (તેને મારી નાખનારા વગેરે) છુટી દુન્યામાં નેકબખતી અને બરકરારી મેળવે. એવાં ઈજા દેનારાં જાનવરોને જમીન પરનો નસો ખાઈ જમીન અને હવાને પાક રાખવા સારૂં સરજ્યાં છે. જોકે તેઓનું પેદા થવું તે કેટલી એક બુરી ચીજોનો નાશ થવા માટે છે, તોપણ તેઓના વધી જવાથી ભલી ચીજોનોબી નાશ થાય છે તેથી તેઓને નાબુદ કરવું ઘટતું છે. જે કોઈ આ શિખામણ પોતાના દીલમાં ધરીને તેવાં મુજી, પેટે ચાલનારા તથા ફાડી ખાનારા જાનવરોને મારી નાખવાની પાછળ લાગે તેને અરદીબેહસ્ત અમશાસપંદ મદદગાર થઈ ફતેહ ફીરૂજી બખ્શે.

દોઆ.

પાના તવાનાએ બોમાનંદ આપુરીદગાનરા
અઝ રંજે આઝારંદગાન બે રહાનદ.

અર્થ—એમીસાલ શકિતવાન દાદગર સર્વેને દુઃખ દેનારાઓના દુઃખથી છુટકારો બખ્શે.

આંઠમી શિખામણ.

સુદરેહની દાભી બાજુની બેમાંની એક તીરી (અથવા કતકા) ની મતલબ એમ સમજવી કેઃ—દયાળુ અને બખ્શનાર મહા શક્તિવાન યઝદાંને (માણસની મદદ અને

ઊપયોગને માટે) જાત જાતની ધાતુઓ અને જવાહિરાત કે જે પાહાડ, જમીન અને દરયામાં પેદા કીધા છે. જેવાં કેઃ—સોનુ, રૂપું, ત્રાબું. લોઢું, સીસું, મોતી, હીરા, માણેક વગેરે. માટે દરેક શક્તિવાન દાનાઓને ઘટેછે કે પુરતી કોશેશ કરી રંજ ખેંચી તેહવી ધાતુઓને પાણી, માટી તથા પથ્થરમાંથી જુદી પાડે, જેથી દરેક જણ પોતાની શક્તિ મુજબ ઘરેહણાંથી સણગારેલાં થાય, તથા ઘરનાં વાસણો, હથયારો વગેરેનો બીજો જોઈતો સામન બનાવવામો આવે. અગરજો તેવી ઘટતી ગરજની ચીજો બનાવવા સારૂ મજકુર ધાતુઓ જાહેર નહી પાડતો, લોકોને જીંદગી ગુજારવાની (સવલતામાં) મુશકેલી પડે. એ કામો વિદ્યા, કળા અને શક્તિ વગર બનતાં નથી, માટે જે કોઈ શખ્સમાં તેહવી વિદ્યા, હુનંર નહીં હોય અથવા કંઈબી રીતે કોઈબી ધાતુને પાણી, પથ્થર અને જમીનમાંથી જુદી પાડી શકવાની શક્તિ નહી હોયતો, પોતાનાં ઘરને લગતાં વાશણો, કામનાં ઓજારો તથા બીજા સામનોને પાક અને સાફ રાખી, બગડવા કે કાટ ચઢવા દેવો નહી, જેથી ધાતુ અને માટીનો રખેવાલ શેહરીવર તથા સપંદારમદ અમશાસપંદ તેનાથી ખુશાલ થાય.

પારસી દોઆ.

કેરદેગાર હમેગાનરા બપુર્રે દાનેશ વ હોનર
સરઅપુરાઝી વ બીનયાઝી બખ્શાયદ.

અર્થ.—પેદાનો કરનાર સઘલાઓને બુધ્ધી અને હુનરના દબદબાથી મોહટાઈ આપવા સાથે વગર ગરજના કરે.

નવમી શિખામણ.

સુદરેહની દાભી બાજુએ (નીચે સાંધા સાથે સાવી લીધેલા બે નાહના કતકા) મધેના બીજા કતકા અથવા

તીરીની મતલબ એકેઃ—જહાંનને પેદાનો કરનાર પરવ-રદેગારે પોતાના બંદાઓની પરવરસી કરવા અને જીંદગી ગુજારવા પાણી, પવન અને જમીન ઊપર ઊગતાં તરેહ તરેહના ફલો તથા તરકારીઓ પેદા કીધીછે જેથી માણસોની (ઊપલી ચીજોની સર્વે રીતની) ગર-જો પુરી પડે અને તેઓ અગવડ તથા સંકટમાં જીંદગી ગુજારે નહીં. તે વનસ્પતીને સૂર્યના તડકા અને તેજથી તથા પાણી અને માટીની મદદથી (તે કીર્તારે) ફાયદે-મંદ કીધીછે. તો બંદાઓને ઘટેછેકે પોતાને (તે ચીજો કામમાં લાવવાને) લાયકના ગણી દરેક પડત જગ્યાને ખેતીવાડીથી આબાદ કરે, ખેતરોમાં પુરતી સંભાલથી સોજું ખાતર નાખે, પાણી પાઈ ઊગતી ચીજોનો નાશ થવા ન દે, અને ઘણી ચોકસાઈથી તેવી જગ્યાઓમાં પલીદી ભરેલી ચીજો અને નસો છુપાયલો રહેવા દેવો નહી. તેમજ તે (નસો) પાણીમાં નાખવો નહી, જેથી કરીને બધી રીતની આલુદગી, બેમારી અને દલગીરી દુર થઈ ખોદાની મેહરબાની અને બખ્શેશોનો વધારો થાય, તથા તે પાણી, પવન અને વનસ્પતીના પાલણ કરનારા રખેવાલ ફરેશ્તાઓ જેહવા કે ખોરદાદ અને અમરદાદ અમશાસપંદો આપણથી રાજી રેહે.

ફારસી દોઆ.

યઝદાને પાક, હમેરા દીદેહે બીનાઇ બખશાયાદ વ નીક અઝ બદ બેન્માયાદ વ બનીકી યાવરી ફરમાયાદ.

અર્થ.—પાક યઝદાન સઘલાંને દેખતી આંખ (ડાહાપણ) બક્ષે અને બુરાઇથી ભલાઇનો ફેર દેખાડે તથા ભલાઈ કર-વામા મદદ ફરમાવે.

ભાગ ત્રીજો.

* કુશ્તીને લગતા ભેદો અને તેપરથી મળતી ૧૨ શિખામણો.

પેહેલી શિખામણ.

કુશ્તીના તારોને તૈયાર કરવાને માટે ઊનના બે તારને એક બીજા સાથે વળદેઈ એક કરી નાખવામાં આવેછે તેની (ભેદી) મતલબ એકે:—તે દોરાઓના વળની માફક આ નીચલી અને તે ઊપલી દુન્યાને એક બીજા સાથે સબંધ ધરાવનારી ગણવી જોઈએ. કારણકે આ દુન્યા તે એક રોપણીની અને પેલી દુન્યા તે તે રોપણીની કાપણી (પાક) મેળવવાની જગ્યાછે. જે કોઈ આ નાપાયદાર દુન્યામાં જે કંઈ રોપે તેનું ફલ ત્યાં (પેલી દુન્યામાં) મેળવે અને જેવું કીધું હોય તેવું પામે અગરજો ભલાં કામો બજાવવાની કોશેશ કરી સવાબના કામો કરવામાં પોતાનો વખત ગુજારેતો (તે તેની જીંદગી બાદ) ઊપલી દુન્યામાં સૌથી ઊંચી જગ્યા જે ગરૂથમાન બેહેશ્ત, ત્યાં પુગે; પણ અગરજો આ દુન્યામાં બુરા, નાલાયક અને ખરાબ કામો કરેતો તે પોતાના નાલાયક કરતુકના બદલામાં સંકત, દુઃખ અને આફ-

---

* એને અવસ્તામા અએવ્યંઘહન, પેહલવીમાં કુશ્તીક અને ફારસીમાં કુશ્તી કહેછે. વધુ બીના જુવો ભાગ ચોથામાં કુશ્તીનો ભેદ.

તના ફાંદાઓમાં ગેરફતાર થાયછે. માટે (દરેક ભલી-દીનના શખસોને ઘટેછે કે) આ ઉપલી બીનાને પોતાની યાદીમાંથી ભુલવી નહી. જેથાં નકામી દલગીરી આવી પડે નહીં. વળી ધર્મના આ મોહટા ફરમાનને સાંભળી તેપર ચાલવું જોઈએ જેથી બેઉ દુન્યાની ખુશાલી મેળવી શકે.

બૈત. { એરદરા સુયે રૈશાની રાહ કોન
{ એ કેરદારે બદ દસ્ત કુતાહ કોન.

અર્થ.—પોતાની અક્કલને (ભલાઈની) રોશની તરફ રસ્તો આપી બુરા કરતુકથી હાથ ઉઠાવ.

બૈત. { નેકુ કારરા બદ નઆયદ બરૂય
{ મકોન બદ કે નીકી નઆયદ અઝુય.

અર્થ.—ભલી કરણીના માણસોના ચેહરાપર બુરાઈ પુગતી નથી (માટે) ભુંડાઈ ના કર, કારણકે તેમાંથી કદી નેકી નીવડતી નથી.

પારસી દોઆ.

શત પરવરદેગાર મર બંદેગાનરા બનીકી વનીકુ કારી આવરી પુરમાયદ વ હમેગાનરા રસ્તગારી વ ખોર્રમીએ દોજહાં બેહરે નમાયદ વ પીરૂઝી બખશાયદ.

અર્થ.—શત પરવરદેગાર બંદાઓને નેકી તથા ભલાં કામોમાં મદદ કરે અને સઘલાંઓને બંને દુન્યાની ખુશાલી તથા છુટકારો આપે અને ફીરૂઝી બક્ષે.

બીજી શિખામણ.

કુશ્તીના ૭૨* ખેવડા તારની અને (વણતી વેલાં) તેના ૬ † ભાગ કરવાની મતલબ એકે:—સરજનાર દયાળુ દાદાર હોરમઝદે પોતાની પીછાણ પોતાના બંદાઓને યઝશ્નેના ૭૨ હામાં આપી જરથોશ્તી ધર્મને લાયકના ૬ ફર-

---

* એ ૭૨ તાર તે યજશનીમાં આવેલા ૭૨ હાની નીશાન દેખાડવા સાથે અહુરમજદ યશ્તમાં આવેલા પાક યઝદાનના ૭૨ નામની યાદી આપેછે. વળી આરબી અબજદ, હવઝ, હોતી, કલમન, ના જુદા હરફોની ગણત્રી જેમકે અલિફ. બે. જીમ.

અલિફ.	બે.	જીમ.										
૧*	૨	૩										
દાલ.	હે.	વાવ.	ઝે.	હે.	તોય.	ય.	કાફ.	લામ.	મીમ.	નુન.		
૪*	૫	૬	૭*	૮	૯	૧૦*	૨૦	૩૦	૪૦	૫૦*		

૬૦ પ્રમાણે યઝદાનનાં નામનાં આંક પણ * નીશાનીવાલા આંકોને એકઠાં કરવે ૭૨ થાયછે. એ ૭૨ બેવડા તારના એકવડા જે ૧૪૪ તાર થાયછે તે મોહટી હમાયસ્તના ૧૨ ફરેસ્તાની ખુશનુમનથી જે એકંદર ૧૪૪ યઝશ્ને તથા તેટલાજ વંદીદાદ પઢાવામો આવેછે તેની સરખામનીછે.

† એ ૬ ભાગ એટલે છ લરી તે વરસની છ મોસમ એટલે ઋતુની નીશાની દેખાડેછે. વળી પાક યઝદાને ૬ છુપી શકતીઓની મદદે સઘલી હસ્તીઓને નીસ્તીના પરદામાંથી બાહાર લાવ્યોછે તેની પણ નીશાની દેખાડેછે. તે શકતીઓમાંની પહેલી ફરોહર, કેજે બહમન અમશાસપંદ સાથે સંબંધ ધરાવેછે; બીજી—રપીથવન યાને ગરમી, જે અરદીબેહસ્ત અમશાસપંદ સાથે તાલુકો રાખેછે; ત્રીજી—આકૃશ્ન, જે શેહરીવર અમસાસપંદ સાથે જોડાણ ધરાવેછે; ચોથી—પૈકર પઝીરી એટલે આકાર પકડવાની શક્તિ, જે અસપંદારમદ

માનો મુકરરર કીધાછે, માટે સઘળાં જરથોશ્તીઓને ઘટે-છેકે-યઝશ્નેના સઘળા હાઓમાં આવેલી દરેક બાબતોને ખરાં દીલથી કબુલ રાખી (નીચે જણાવેલા) ધર્મને લાયકના ૬ ફરમાનો પ્રમાણે ચાલવું ઘટતું છે જેથી દરેક વાતે નચીંત રહે.

પેહલું ફરમાન:—દરરોજ ૬ વખત ખોદાની બંદગી બજાવવી બાબેછે.* પ્રથમ—હોશબામ જે સૂર્ય ઊગવાની આગમજ સહવારના ઝજકલાનો વખતછે વે વેલા નીરંગ પાદયાબ કરી કેમના મઝદા, કુશ્તીના અવ-સ્તા (પઢી કુશ્તી કરી) હોશબામની બંદગી બજાવવી જોઈએ. બીજું-હાવન ગેહ જે સૂર્ય ઊગ્યા પછે (તે

અમશાસપંદ સાથે સંબંધ રાખેછે; પાંચમી—પાચણ શકિત જે ખોરદાદ અમશાસપંદ સાથે તાલુકો ધરાવેછે; અને છથી—ઉધર શકિત્, અમરદાદ અમસાસપંદ સાથે સંબંધ રાખેછે. તે દરેક ભાગ એટલે લગી મધેના ૧૨ તાર તે દવાજદે હમાય-શ્તના ૧૨ ફરેશ્તાઓનો મીસાલછે; તથા ફરવરદેગાનનાં પેહલાં પાંચ યાને માહ ૧૨ માં મધેનાં રોજ ૨૬ થી તે ૩૦ માં રોજ સુધી ભણવામાં આવતી બાજના **અરોમ** વોહૂ ૧૨૦૦ અને ગાથા ઘાહામબારનાં પાંચ દાહાડાપર ભણવામાં આવતી બાજના ૧૨૦૦ છયથા અહુ વેરીઓની નીશાની દેખાડેછે; તેમજ આકાશી ૧૨ રાશી તથા ૧૨ જાનવરોપર ફરતાં ૧૨ વરસોની ઇધાણી જણાવેછે.

* એ બાબે અત્રે લખ્યા ઉપરાંત વધુ બીના જેહવીકે કેહવી પવિત્રાઇથી, કઈ બાજુએ મોઢું કરી તથા કેહવી હાલતે ઊભા રહી બંદગી ગુજારવી તે સઘલું એ ચોપડીના પાંચમાં ભાગ મધે જુવો.

બપોરના બાર વાગા સુધી) નો વખત ગણાયછે તે વેલા હાથ મોહડું ધોઈ કુશ્તી કરી સરોશબાજ, હાવન ગેહ, ખોરશીદ મેહરની નયાએશ (દોઆ વીસપ હુમત વગેરે) પઢવી જરૂરનીછે; પછે બનેતો અહુ-રમઝદ અને હપતન યશ્ત પઢવી નેકછે. ત્રીજું રપી-થવન ગેહ (હાવનના વખત શિવાય) જે બપોરના બાર-વાગા (થી તે ત્રણ વાગા સુધી) નો વખત ગણાયછે ત્યારેબી પાદયાબ કુશ્તી કીધાબાદ સરોશબાજ, રપીથ-વન ગેહ, અને ખોરશીદ મેહરની નયાએશ અગત્ય કરી ભણવી; તથા અરદીબેહસ્ત યશ્ત ભણવી નેકછે. ચોથી—ઓજીરણ ગેહ જે (ત્રણ વાગેથી તે ચેરાગ થાય ત્યાં સુધી) પાછલો પોહોર અને સૂર્યને અસ્ત પામવા સુધીનો વખતછે, તે વેલા કુશ્તી કરી સરોશબાજ, ઓજી-રણ ગેહ અને ખોરશીદ મેહર નયાએશ ભણવી જોઈએ તથા બનેતો તેપછે સરોશયશ્તેહાદોખ્ત પઢે. પાંચમું—એવેસરૂથ્રેમ ગેહ જે રાતની સરૂઆતથી તે મધ્ય રાત સુધીનો વખત ગણાયછે, તે વેલા પાદયાબ કુશ્તી કરી, સરોશબાજ અને એવેસરૂથ્રેમ ગેહ પઢવી જરૂરની છે; અને રાતની સરોશ યશ્ત તથા બેહરામ યશ્ત પઢવી. છઠું—ઓશહેનગેહ જે મધ્યરાતથીતે સહવારની રો-શનીનુ અજવાળું પડતાં સુધીનો વખત ગણાયછે, તે વેલાબી હાથ મોહડું ધોઈ કુશતી કરી સરોશબાજ અને ઓશહેનગેહ પઢવી જોઈએ તથા તેપછે હોરમઝદ યશ્ત પઢવી.

એ ઊપરાંત દરમાસે (જો દરરોજ ન બનેતો ખસુસ) ત્રણ વેલા માહ નયાએશ ભણવી જોઈએ—ચાંદરાતે, પુનમે અને અમાસે એટલે ચંદ્ર અંદીથ થાયછે તે રાતે.

બીજું ફરમાન—દરવરસે એક વેલા રપીથવન ઈજાવવી જોઈએ; તે દર વરસના ફરવરદીન માસના અહુરમજદ રોજથી તે ચોકશ કરેલા દીવસોમાંના એકુ દીવસેબી ઈજાવવી જોઈએ. એવું ફરમાન છેકે જે કોઈ દરવરસે એક વેલા રપીથવન નહીં ઈજે યા ઈજાવે તો દર રોજની રપીથવનગેહેમાં તે માણસને ખાનુ, પીનુ ઈ૦ નાલાયક બને; તથા તે શખસની બંદગી કબુલ તથા પસંદ થએલી નહોય.

ત્રીજું ફરમાન—ઘાહામબાર કરવા બાબેછે. એ ઘાહામબાર દર વરસના છ હંગામે કરવામો આવેછે, જે દર હંગામ પાંચ દીવસના હોયછે; માટે દરેક બેહદીનને ઘટેછે કે દર વરસના સઘલા યા કોઈબી હંગામમાના પાંચ દીવસો મધેના એકુબી દીવસને પસંદ કરે, અને તે દીવસે પોતાની શકિત મુજબ બનેતો એખલા તથા બે, ચાર અથવા આંથ જણ મળી ઘાહામબારનું જસન કરે, અને અગરજો તેમબી કરી નહીં શકેતો જે બીજાઓ ઘાહામબાર કરતા હોય તેઓને કંઈબી રીતની મદદ કરી, તેઓના સવાબની અંદર શામેલ થાય.

ચોથું ફરમાન.—દરવરસના મેહરંગાનના જસન સાથે બારમાસના બાર જસનો કરવાં. જેવાંકે ફરવરદીન માસ અને ફરવરદીન રોજ; અરદીબેહશ્ત મહીનો અને અરદીબેહશ્ત રાજ. તે જશનોને દીને નયાએશ, યશ્ત અથવા આફરીંગાન ઈ૦ ભણવું તથા ભણાવવું, અને ગરીબોને પોતાની શકિત મુજબ મદદ કરવી ઘટતી છે.

પાંચમું ફરમાન.—ફરવરદેગાનના દસ દીવસોમાં સઘલાં રોઆનોને નામે આફરીંગાન વગેરે ભણાવવું,

આતશ ઊપર ખુશબોઈ બાલવી, ચેરાગ રોશન રાખવો તથા ગરીબોને પોતાની શકિત મુજબ ખાનું, વસ્તર વગેરે બક્ષવું.

છઠું ફરમાન.—આપણા પવિત્ર ધર્મના ફરમાન મુજબ પોતાના (મરણ પામેલાં) ન્યાગાનોં તથા ખેશાવંદોના બાજ રોજગારની ક્રિયા કરવી.

દરેક બેહેદીનોએ ધર્મને લગતાં મજકુર ઊમદાં ૬ ફરમાનોને નહીં ભુલી તે પ્રમાણે ચાલવું જેથી પાક યઝદાનની બક્ષેશ તથા રેહમદીલી ભરેલી નજર તેઓની તથા તેઓના ખાનદાનની ઊપર જીઆદે થાય.

બૈત. { **ચે અઝ પાક યઝદાન નેકુ ખાસ્તી**
એ કજી બેપરહીઝ નારાસ્તી. }

અર્થ—જો તું પાક યઝદાનથી ભલું ચાહતો હોય તો જુઠાઇ અને બુરાઇથી વેગલો થા.

બૈત. { **એ ફરમાને આઇન મકોન સર બરૂન**
કે નતવાન નમુદન ખોદારા ફસુન. }

અર્થ.—ધર્મના હોકમથી તું તાહરૂં માથું નાફેરવ. કારણકે ખોદાને છેતરી શકાતું નથી.

દોઆ.

બખ્શાયશગરે મેહેરબાન અંદીશાહા વ દરૂનહારા બફરૂગ ફરમાનબોરદારીએ આઇન રોશન ગરદાનદ વ બફરખોનદગી વ ફીરૂઝી રસાનદ.

અર્થ.—બક્ષેશનો કરનાર મેહેરબાન ખોદા સર્વેના વિચારો અને અંતઃકરણોને ધર્મના ફરમાન માનવાના ઝલકાતથી રોશન કરી ફતેહ ફીરૂઝીમાં પુગાડે.

ત્રીજી શિખામણ.

કુશ્તી વણાયા બાદ તેના તાણાં (ઊભા દોરા) અને

વાણા (આરાદોરા) એક બીજાથી છુટા દેખાતા નથી. (કે જે વણાયા આગમચ એક બીજાથી છુટા હતા.) તે પરથી સમજવું એ કેઃ—દરેક દેશ અને શેહરના રેહવાસીઓમાં જાત જાતના માણસો હોયછે જેઓ બોલી, કામો, ચાલચલણ, રીતરવેશ, ખાવું, પેહરવું, દીન ધર્મ અને સ્વભાવ વગરેમાં એક બીજાથી ઘણીક રીતે વેગલાં હોયછે, તોપણ જે દેશના અને ધર્મના લોકો સાથે આપણને વહીવઠ તથા દોસ્તી પડે, તે સઘલાંઓને એકુજ ખોદાના પેદા કીધેલાં બંદાઓ સમજી તેઓને ભાઈબંધ દાખલ ગણી તેઓ સાથે નરમાશ, મેહરબાની તથા ભલાઈ રાખવી. કદીબી તેઓની સાથે દુશમનાઈ ધરાવવી નહી, તેઓના હકમાં સારૂ વિચારવું તથા તેઓના દીલ દુઃખવવાથી દુર રેહવું; જેથી મેહરબાન ખોદા આપણપર ખુશનુદ થાય. મરહુમ ફીરદોસી તુસી ફરમાવે છે.—

બૈત. { બેતર્સ અઝ ખોદાઓ સાયાઆર કસ
રહે રસ્તગારી હમીન હસ્તો બસ.

અર્થ.—ખોદાથી દર અને કોઇને દુઃખ ના દે. કારણકે છુટકારાનો રસ્તો માત્ર એજછે.

દોઆ.

બોઓર્ગ વ યગાને ખદીવ હમેગાંરા અઝ રંજ વ આઆરે દીવ બેરહાનદ વ બેબખ્શેશ વ નેકુકારી દસ્તરસ બખ્શદ વ અંદર રસાનદ.

અર્થ.—મોહટો અને એકલો ખોદાવંદ સઘલાઓને દેવ (બુરા) ના દુઃખ તથા સંકટમાંથી છોડવે, અને બખ્શેશ તથા ભલાં કામો કરવાની શક્તિ બક્ષે અને તેમાં ભેરવે.

———

ચોથી શિખામણ.

કુશ્તી વનાઈ રહ્યા બાદ ઊથલાવવાંમાં એટલે અંદરનુ પડ બાહાર અને બાહારનુ પડ અંદર કરવામાં આવેછે. અને તે વેલા અગરજો (કુશ્તીની વણાવતમાં) એકુબી તાર આડો વણાયો હોયતો તે કુશ્તી બરોબર ઊથલાતી નથી. એપરથી એવું સમજવું કેઃ—જે કોઈ આ ત્રણ પાંચ દહાડાની દુન્યામાં જન્મ માંમયો હોય તેને અંતે આ તત્વવાળું શરીર તજી પેલી હમેશગીની દુન્યામાં આ હાલતથી ફેરવઈ જવાનુછે તથા છેહલે પોતાનો ચેહરો તે બુલંદ ભરેલી ઊંચી દુન્યા તરફ ફેરવવાનોછે. તેથી અગરજો કોઈ પોતાની જીંદગી અને શકિતની વેળા નાલાયક અને બુરા કામો કરે તથા ધર્મનાં હુકમોથી ઊલતો ચાલેતો, આ દુન્યામાં દુઃખ દલગીરી શિવાય કશું મેળવતો નથી અને તેના મરણ પછે કદીબી હમેશગીની જગ્યાએ પુગતો નથી અને તેનો આત્માં પશેમાની તથા વીખરાંત ભરેલી હાલતમાં ગેરફતાર બનેછે.

અશો અસપંદયાર બીન ગોશતાસ્પ ફરમાવેછે કે જરથોસ્તીઓએ એવાં (નાપસંદ, શરમભરેલાં) છુપાં કામો કરવામાં દગલું ભરવું નહી કે જ્યારે તે કામો જાહેરમાં આવે ત્યારે પશેમાન થઈ સરમાવું પડે.*

બૈત. **નહાની મકોન કરદેહ ઓનહાર**
કેદર આશકારા શવી શર્મસાર.

અર્થ.—જે કામ જાહેર થવાથી તને શરમીંદગી પુગે તેવું **કામ કદીબો છુપી રીતે નાકર.**

---

* જુવો આ ચોપડીના તરજુમાં કરનારની "શેહનશાહ હોશંગવાલી જાવીદાને ખેરદ"ની ગુજરાતી ચોપડીને પાને ૪૩ મે.

બૈત. { ચો દાનીકે બીનાંસ્ત પરવરદેગાર
{ બહેરજા એ કેરદારે બદ શર્મદાર.

અર્થ.—જયારે તું જાણેછે કે પરવરદેગાર સઘલું જોનારછે તો કોઈબી જગ્યાએ બુરાં કામો કરવાથી શરમ ધરાવ.

બૈત. { મકોન આંકે ચુન બાઅેત આયદ બપીશ
{ એ દીદારે આં ગરદી આઝારો રીશ.

અર્થ.—જે (તાહરૂં કીધેલું) કામ કે તને પાછું જોવું પડે (તે વેલા) તેના દીદારથી તને દુઃખ અને દલગીરી ઉપજે તેવું કામ તું ના કર.

દોઆ.

દાદારે હરવેસ્પ આગાહ હમેગાંરા દીદેહે બીનાઇ બખ્શદ વ બશનાખ્ત વ શનાસાઇએ ખીશ રાહનમાઇ કોનદ વ અઝ નારાસ્તીહા પાસદારદ.

અર્થ.—ગેબનો જાણનાર દાદાર સઘલાંઓને બુદ્ધિ બખ્શે અને પોતા (ખોદા)ને પીછાનવાની શક્તિ બંદાઓને આપે અને જુઠાઈથી વેગલા રાખે.

પાંચમી શિખામણ.

કુસ્તીને બે છેડેથાં ગુંઠી લીધા પછે અંદરથી ખાલી એટલે પોકલ છે કે નહીં તે માત્ર કમર પર રાખયા સિવાય બીજું કસું જણાતું નથી તેની મતલબ એછે કેઃ—માઝદીઅસની ધર્મ પાલનારાઓએ બંદગી અથવા કંઈબી ભલું કામ કરતી વેળા નીચલા છ વિચારોથી પોતાનું દીલ ખાલી રાખવું. પેહલો—ભલું નામ. બીજો—બદલો. ત્રીજો—બીજાઓને ખુશ કરવાનો વિચાર.

ચોથો—ફાયદો મેળવવા. પાંચમો—દુઃખ દફે કરવા. છઠો—ઠપંકામાંથી વેગળો થવા.

દરેક માણસોને ઘટેછેકે કંઈબી કામ કરતી વેળા માત્ર ખાલેકને ખુશનુદ કરવાની ધારણા ધરાવવા શિવાય બીજો કસ્સો વિચાર કરે નહીં. અને કુરતીના અંદરના પરની માફક રહે. જેથી કોઈને તેઓના દીલની કસી ખબર પડે નહીં. વળી કાંઈબી કામ, નામ મેળવવાના અને ઉમેદ બરલાવવાના વિચાર વગર કરવું.

પોતાની ત્રણ ચીજોને ત્રણ પારકાઓથી સંભાળવીઃ— પેહલી—દીન ધર્મને, દીન દુશમનોથી; બીજી—ધનમાલને, ચોર તથા લુટારૂઓથી; અને ત્રીજી—ઓરતોને, બુરા કરતુકનાઓની બુરી નજરથી; જેથી પોતાનો ધર્મ, માલ અને આબરૂ સચવાયલી રહે.

બૈત. { બયઝદાન પનાહઓ બયઝદાન ગરાય
એ ઓદખાહીઓ ઓદપરસ્તી બરાય.

અર્થ.—યઝદાનની પનાહ ચાહી ઓદાને ભજનારો થા (અને) આપખુદી તથા આપમટલબથી વેગળો થા.

બૈત. { ચો પરદાખ્તી દેલ એ જોઝ કેરદેગાર
એ રંજે દોગીતી શોદી રસ્તગાર.

અર્થ—જ્યારે તે તાહરા દીલને ઓદા શિવાય (સઘળી ચીજોથી) ખાલી કીધું તો (એમ જાણકે) બેઉ દુન્યાના સંકટમાંથી તું છુટો.

દોઆ.

દાદારે દેહશાદુરસ્ત હમેગાંરા બેહરઝી રૂઝી કોનાદ વ અઝ બંદે અહરીમન બેરહાનાદ.

અર્થ.—ઇનસાફ ચાહનાર દાદાર સઘલાંને હલાલ રોજી આપે અને હેરેમનનાં ફાંદામાંથી છોડવે.

છઠ્ઠી શિખામણ.*

